# પ્રાંતિજના રણછોડપુરા ગામે ગ્રામજનો દ્વારા પ્રાથમિક શાળાને ફરી તાળાંબંધી

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રણછોડપુરા ગામે ગ્રામજનો દ્વારા નવ મહિના બાદ ફરી ગામમાં આવેલ પ્રાથમિક શાળાને તાળાબંધી કરવામાં આવી.

પ્રાંતિજ તાલુકાના ઝીઝવાનુ પેટા પરૂ રણછોડપુરા ગામે આવેલ પ્રાથમિક શાળાનો મામલો પુનઃ વર્કયો છે અને ગ્રામજનો દ્વારા ફરી પ્રાથમિક શાળામાં તાળાબંધી કરી બે દિવસ અગાઉ વધઘટના કેમ્પ બાદ જે તે શિક્ષિકા સંગીતાબેન પટેલની પૂર્ણ રણછોડપુરા ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં મુકતા ગ્રામજનોમાં રોષ જોવા મલ્યો હતો અને ગ્રામજનોએ કેમ્પના સ્થળે જઈને જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરી હતી કે જો આ શિક્ષિકાને અમારી પ્રાથમિક શાળામાં મોકલી આપશો તો અમે શાળાને તાળાં બધી કરી શું જેને લઈને શિક્ષિકાની વધઘટ કેમ્પમાં પુન રણછોડપુરા પ્રાથમિક શાળામાં પુનઃ મુકાતાં આજે રણછોડપુરાગ્રામજનો દ્વારા ગામમાં આવેલ પ્રાથમિક શાળાને શાળા ખુલવાના સમયે ગ્રામજનો દ્વારા શાળાને તાળાંબંધી કરી અને શિક્ષિકાની અન્ય જગ્યાએ બદલી કરવા માંગ કરવામાં આવી રહી છે.



### દુરસિંહ કેસરીસિંહ ચૌહાણ ડેપ્યુટી સરપંચ રણછોડપુરાનુ શું કહેવું છે

અમે અગાઉ શાળામાં નબળા શિક્ષણને લઈને શાળામાં નોકરી કરતી ચારેય શિક્ષિકાઓની બદલીની માંગ કરી હતી પણ શિક્ષણતંત્ર દ્વારા જેતે સમયે ત્રણ શિક્ષિકાઓની બદલી કરવામાં આવી હતી અને આજે ફરી વધઘટ કેમ્પ બાદ પુન ફરી તે જ શિક્ષિકાને શાળામાં બદલી કરતાં અમારો વિરોધ છે અને અમે ગ્રામજનો દ્વારા કેમ્પના સ્થળે જઈને જિલ્લા શિક્ષણાઅધિકારી બહેનને રજુઆત પણ કરવામાં આવી હતી પણ ફરી પુનઃ અહીં જ બદલી કરતાં અમે આજે ફરી શાળાને તાળાબંધી કરી છે.

# મહેસાણા નગરપાલિકાનું અંદાજપત્ર મંજુર ના થયુ

મહેસાણા, તા. ૨૫

મહેસાણા નગરપાલિકાના સભાખંડમાં આજે મળેલી સાધારણ સભામાં રજૂ કરવામાં આવેલા બજેટમાં બહુમતી ન થતાં પ્રમુખે સભા મુલતવી રાખતાં હોબાળો મચી ગયો હતો. જોકે, બે કલાક બાદ ભાજપના ૧૫ સભ્યો હાજર રહ્યા હોવાથી બજેટ નામંજુર કરવામાં આવે તેવી ભિતી વચ્ચે પ્રમુખ ઘનશ્યામ સોલંકીએ એકાએક આ સાધારણ સભા બે કલાક માટે મુલતવી રાખવાનો નિર્ણય કરતાં હોબાળો મચી ગયો હતો. ભાજપના નિર્ણયને યોગ્ય ઠેરવી કહ્યું હતું કે બે કલાક પછી સાધારણ સભામાં યોગ્ય નિર્ણય કરવામાં આવશે. નોંધપાત્ર છે કે, બે કલાક બાદ ફરીથી પાલીકાના સભાખંડમાં બજેટની મિટીંગ મળી હતી. જેમાં કોંગ્રેસના ૧૪ તેમજ ભાજપના તમામ સભ્યો



ફરીથી સાધારણ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના પ્રમુખ સહિત ૧૫ સભ્યો હાજર રહ્યા હતા. જોકે ચર્ચાના અંતે બજેટ અંગે કોઈપણ નિર્ણય કર્યા વિના બજેટની સભા મોકુફ રાખવામાં આવી હતી.

મહેસાણા નગરપાલીકામાં પ્રમુખ ઘનશ્યામ સોલંકીની અધ્યક્ષતામાં સાધારણ સભા મળી હતી. આ બેઠકમાં અગમ્ય કારણોસર કોંગ્રેસના ૧૪ સભ્યો ગેરલાયક રહ્યા હતા. જ્યારે સભ્યોએ મતદાન કરવાનો આગ્રહ કરતાં ઉગ્ર વાતાવરણ સર્જાયુ હતુ અને તે વખતે પ્રમુખ સભા છોડી નીકળી ગયા હતા. જેથી ભાજપના સભ્ય ગીરીશ રાજગોરે સત્તાધારી કોંગ્રેસ ઉપર આક્ષેપ કરી બજેટ નામંજુર કર્યુ હોવા છતાં ગેરકાયદેસર રીતે સભા મોકુફ રાખી છે. વળી બજેટમાં શહેરના વિકાસ માટે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી જેથી અમે વિરોધ દર્શાવ્યો છે.

દરમિયાન પાલીકા પ્રમુખ ઘનશ્યામ સોલંકીએ પોતાના ગેરહાજર રહ્યા હતા. જોકે કોરમ થતાં સભાનું કામકાજ શરૂ કરાયું હતુ. જેની ચર્ચામાં કોંગી સભ્ય રમેશ પટેલ (ભુટી)એ પાલીકામાં વિરોધ પક્ષને વિશ્વાસમાં લઈને બજેટ મંજુર કરવાનું જણાવી આ સભા મુલતવી રાખવાની દરખાસ્ત કરી હતી. જેને નિમિષા પટેલે ટેકો જાહેર કરતાં બજેટની મિટીંગ મોકુફ રાખવામાં આવી હતી. આ અંગે પ્રમુખ ઘનશ્યામ સોલંકીએ હવે પછી ટુંક સમયમાં બજેટની સભા બોલાવવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

# બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાનનો પ્રારંભ

પાલનપુર, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લામાં સુજલામ-સુફલામ જળ સંચય અભિયાનનો પ્રારંભ કેન્દ્રીય ખાણ અને ખનીજ રાજય મંત્રી હરીભાઈ ચૌધરીએ પાલનપુર તાલુકાના આકેડી ખાતે તળાવો ઉંડા કરવાના કામનું ખાતમૂર્હત કરી કરાવ્યો હતો. સુજલામ સુફલામ જળ અભિયાન અન્વયે આજથી સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તળાવો, ચેકડેમો અને જળાશયો ઉંડા કરવાનું કામ વિરાટ પ્રમાણમાં શરૂ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કેન્દ્રીય ખાણ અને ખનીજ વિભાગના રાજયમંત્રી હરિભાઈ ચૌધરીએ જણાવ્યું કે ગયા વર્ષે મે મહિનામાં સુફલામ-સુફલામ જળ સંચય અભિયાન યોજવામાં આવ્યું હતું. જેને ખુબ સારી સફળતા મળતા આ વર્ષે આજથી સમગ્ર જિલ્લામાં તળાવો ઉંડા કરવા, ચેકડેમો બનાવવા, નદીઓને પુનઃ જીવીત કરવા માટે વિરાટપાયે સુજલામ-સુફલામ જળ સંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં રૂ. ૧૩.૭૦ કરોડના ખર્ચથી કુલ ૨૨૨૮ જળ સંચયના કામો કરવામાં આવશે. જેનાથી લાખો ઘનફૂટ વરસાદના વહી જતાં પાણીનો સંગ્રહ કરી શકાશે. તેમણે ઉમેર્યુ કે બાલારામ ચેકડેમ બનાવવાની મંજુરી મળી ગઈ છે જેનાથી આ વિસ્તારના ખેડૂતોને સિંચાઈમાં ફાયદો થશે. મંત્રીએ કહ્યું કે આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. ખેડૂતો સમૃધ્ધ હશે તો જ દેશ સમૃધ્ધ બનશે તે બાબતને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં અનેક નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમણ કહ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગઈકાલથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો પ્રારંભ કરાવ્યો છે.



# મોડાસામાં ગટરની કામગીરીમાં બેદરકારી, પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

મોડાસા, તા. ૨૫

ઉનાળામાં લોકોને પાણીની તંગી ન પડે તે હેતુથી તંત્ર તેમજ સરકાર દ્વારા પાણી પહેલા પાળ બાંધવાની એટલે કે સંચયની યોજનાની શરૂઆત કરાઈ છે પરંતુ મોડાસામાં વિકાસના કામ કરતુ બુલડોઝર પીવાના પાણીની પાઈપલાઈન પર ફરી વળતા પાણીની રેલમછેલ જોવા મળી હતી. મોડાસાના મેઘરજ બાયપાસ રોડ પર ચાલી રહેલા ગટરના કામકાજ દરમિયાન પીવાના પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થયાનું અનુમાન સેવાઈ રહ્યું છે, જોકે ઈ પ્રકારના વિકાસના કામથી લોકોએ હાલાકી કેમ ભોગવવી તે એક સવાલ છે. પાણીની પાઈપલાઈન તૂટવાથી હજારો લિટર પાણી વહી ગયું હતું, જેને કારણ વિકાસના કામ પર પાણી ફરી વળ્યું હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જોવા મળ્યું હતું.



પ્રાપ્ત માહિતી મુજબ મેઘરજ રોડ વિસ્તારમાં ગટર લાઈનનું કામકાજ ચાલી રહ્યું છે, જે દરમિયાન ખોદકામ કરતી સમયે પાણીની પાઈપ લાઈન આવી જતાં ભંગાણ થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે સવાલ એ થાય છે કે જ્યારે ખોદકામ કરવામાં આવે છે ત્યારે તંત્રનો કોઈ કર્મચારી હાજર રહેતો હશે કે નહીં તે પણ એક સવાલ છે. જો કોઈ કર્મચારી હાજર રહેતો હોય તો ખોદકામની કામગીરી દરમિયાન આ પ્રકારની સમસ્યાઓ ન ઉદભવે.

### અરવલ્લી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેને

# જિલ્લા પ્રાથમિક શિક્ષકોની વધઘટ બદલી કેમ્પ સ્થળ પસંદગીમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકો અને વિદ્યાસહાયકો માટે વધ-ઘટ બદલી કેમ્પ ૨૧ જાન્યુઆરી ગુરુવારે ધનસુરા બી.આર.સી. ભવન ખાતે યોજવામાં આવ્યો હતો. વધ-ઘટ બદલી કેમ્પ અને ટાટની પરીક્ષામાં જીલ્લાની પસંદગી થયા બાદ જિલ્લામાં સ્થળની પસંદગી પહેલા જીલ્લાની આશ્રમ શાળામાં ફરજ બજાવતા ૮ શિક્ષકો પાસેથી લાખ્ખો રૂપિયા લઈ અધિકારીઓની મીલીભગતથી મોટો ભ્રષ્ટાચાર શિક્ષણ વિભાગ તંત્ર દ્વારા આચરવામાં આવ્યો હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ પટેલે જાહેરમાં કર્યો હતો.

અરવલ્લી જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેને જીલ્લા પ્રાથિમક શિક્ષણાધિકારી ડૉ. એ.કે. મોઢ પટેલ રાજ્ય સરકારના પોપટ હોવાનો આક્ષેપ કરી જાહેરમાં પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની વધઘટનો બદલી કેમ્પ અને નવી ભરતી થઈ આવેલા શિક્ષકોના પોસ્ટિંગમાં અધિકારીઓની મિલીભગતથી મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ સાથે અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જસુભાઈ પટેલે નવી ભરતીના પોસ્ટિંગ સ્થળે જિલ્લા શિક્ષણ અધિકારી સામે હોબાળો મચાવ્યો હતો. ચેરમેને વધુ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે જિલ્લામાં આશ્રમશાળાના વધના ૮ શિક્ષકો (લિઓન) કોર્ટના આદેશ મુજબ ૧.૫ વર્ષથી ઓર્ડર લઈ જિલ્લામાં આવ્યા હતા. તેઓ પાસેથી પણ મોટી રકમ લઈ દોઢ વર્ષ બાદ નિયમ વિરુદ્ધ હાજર કર્યા હોવાનો ચેરમેને શિક્ષણ વિભાગ સામે આક્ષેપ કર્યો હતો. આમ સમગ્ર જિલ્લામાં ચાલતા વધઘટ બદલી ભરતી કેમ્પમાં શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનને વિશ્વાસમાં લીધા સિવાય મોટા પાયે ભ્રષ્ટાચાર આચાર્યો હોવાનું જણાવી યોગ્ય તપાસની માગ કરી છે.

જશુભાઈ પટેલના જણાવ્યા અનુસાર હાલ જીલ્લામાં ૩૭ શિક્ષકોની વધ છે અને બીજા જીલ્લામાં મોકલવાની સ્થિતિ પેદા થઈ છે ત્યારે સરકાર પ્રજાજનો પર બોજ પાડી ટેક્ષના રૂપિયા બરબાદ કરી રહી હોવાનું જણાવ્યું હતું.

# મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનનો પાલાવાસણાથી પ્રારંભ

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લામાં સાંસદ જયશ્રીબહેન પટેલે સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૯નો પાલાવાસણા તળાવ ખાતેથી પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા જળસંચયના કામો થવાના છે. જિલ્લામાં ૨૦૧૯ના



જળસંચય અભિયાનમાં ૪૫૦ કામો રૂ.૫૭૮.૭૩ લાખના ખર્ચે થનાર છે. આ કામો થકી જિલ્લામાં ૩૬૦ લાખ ઘનમીટર વધારે જળસંગ્રહ થવાનો છે.

રાજ્ય સરકાર દ્વારા સુજલામ સુફલામ જળ સંચય અભિયાનનો પ્રારંભ સમગ્ર ગુજરાતમાં કરાયો છે. મહેસાણા જિલ્લામાં ૩૧ મે ૨૦૧૯ સુધી જળસંગ્રહના કામો થવાના છે. જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા ૫૯ કામો, નર્મદા નિગમ દ્વારા ૪૪ કામો, જળસંપત્તિ દ્વારા ૧૧૫ કામો, ગ્રામ વિકાસ દ્વારા ૫૯ કામો, શહેરી વિકાસ મહાનગરપાલિકા દ્વારા ૩૬ કામો, શહેરી વિકાસ નગરપાલિકા દ્વારા ૯૭ કામો, વોટર શેડના ૪૦ કામો મળી કુલ ૪૫૦ કામો રૂ.૫૭૮.૭૩ લાખના ખર્ચે થનાર છે.

સાસંદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે જળઅભિયાનની કામગીરીમાં લોકભાગીદારી પણ જોડાઈ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ, ઔધોગિક ગૃહો, જાહેરસાહસો દ્વારા કામગીરી થનાર છે. જિલ્લામાં લોકભાગીદારીથી ૭૦ તળાવો તથા વિભાગીય રીતે ૫૩ તળાવો મળી કુલ ૧૨૩ તળાવો ઉંડા કરાવવાની કામગીરી થનાર છે.

સંસદસભ્ય જયશ્રીબહેન પટેલે ઉમેર્યું હતું કે આ અભિયાનના કારણે ઉત્તર ગુજરાતમાં જમીનના પાણીના સ્તર ઉંચા આવશે જેના કારણે આવનારી પેઢી માટે દુષ્કાળ એક ઈતિહાસ બની જશે. આ યોજના અંતર્ગત વરસાદી પાણીનું એક એક ટીપું સંગ્રહ કરવાની નેમ છે. અભિયાન થકી ખેતીને સિંચાઈ અને પીવાના પાણીની તંગી પડશે નહિ તેમ જણાવી ઉત્તર ગુજરાતમાં હરીયાળી આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ધારાસભ્ય રમણભાઈ પટેલે જણાવ્યું હતું કે જિલ્લામાં જળસંચય અભિયાનમાં મનરેગા યોજનામાં ૨૮ તળાવો ઉંડા કરવા, ૨૪ નવા ચેકડેમ બનાવવા, ૧૩ ચેકડેમ ડીસલ્ટીંગ સહિતના કામો થવાના છે.

જિલ્લા કલેકટર એચ.કે. પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે જળસંચય અભિયાનમાં વિવિધ સંસ્થાઓનો સહયોગ મળ્યો છે. ઔધોગિક સંસ્થાઓ દ્વારા ૧૦૦ ટકા તળાવ ઉંડા કરવાની કામગીરી હાથ ધરાઈ છે. જિલ્લામાં જળ સંચય અભિયાનમાં ટાંકી, સંપ,ઈન્ટેક સ્ટ્રકચર તથા આસપાસની સફાઈ, તળાવો ઉંડા કરવા, ખેત તલાવડી, નવા ચેક ડેમ, કાંસ સફાઈ, વરસાદી પાણીની લાઈનની સફઈ, પીવાના પાણીના સ્ત્રોતની આજુબાજુની સફાઈ, બોરવેલ રીચાર્જ, ફેલો ચેનલ, ગલી પ્લગ, ખુલ્લા કુવા, રીચાર્જ, ગટરની કાંસ સફાઈ, નહેરોની સફાઈ વોટર ડ્રેઈન જેવા કામો થવાના છે.



### પ્રાંતિજના ઓરાણ ખાતે જૈન મંદિરમાં ધ્વજા રોહણનો કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરાણ ગામે આવેલ જૈન મંદિરમાં ધ્વજા રોહણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લાભ લેનાર શાહ સવિતાબેન ચંદુલાલ નાથાલાલના પરિવાર દ્વારા પૂજા તેમજ નવકારશન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મુંબઈથી જૈન સમાજના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. ઓરાણ ગામના મુસ્લિમ સરપંચ કરામતઅલી ગ્રામજનો શહેરમાંથી આવેલ જૈન સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

### કંકાવટી કાંકરેજ રાવળદેવ સમાજ છઠ્ઠો સમૂહ લગનોત્સવ યોજાયો

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે શ્રી કંકાવટી કાંકરેજ રાવળદેવ સમાજનો છઠ્ઠો સમુહ લગનોત્સવ આજરોજ યોજવામા આવ્યો જેમા ૪૫ નવદંપતિએ પ્રભુતામા પગલાં માંડ્યા હતા. આજરોજ કાંકારેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે શ્રી કંકાવટી કાંકરેજ રાવળદેવ સમાજ દ્વારા છઠ્ઠા સમુહ લગનનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા જેમા અલગ અલગ ગામોનો ૪૫ જેટલા નવદંપતિએ પ્રભુતામાં પગલા માડ્યા હતા. જેમા કાંકરેજ રાવળદેવના સમાજના પ્રમુખ અશોકભાઈની સુંદર કામગીરી બદલ સમાજે આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારે તમામ નવદંપતિને આશિરવાદ આપવા માટે રાજકીય અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમા કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલા ખારીયા, ડી.ડી. જાલેરા સામજીક આગ્રણી, નાગજીભાઈ વસુધરા રોડવેજ, વસંતભાઈ ઘાંઘોસ, અમરતભાઈ ઠાકોર, નિરંજનભાઈ ઠક્કર, તેમજ અન્ય માનુભાવો હાજર રહ્યા હતા અને સમગ્ર રાવળદેવ સમાજ અને આગેવાનો ઉપસ્થિત રહીને તમામ નવદંપતિઓને આશિવાદ આપ્યા હતા.






### કડીના બાલસાહિત્યકાર રમેશ ત્રિવેદીનું ગૌરવપ્રદ સન્માન

શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનીત થઈ સાહિત્યના ક્ષેત્રમાં નામના મેળવી વાર્તાનગરી કડીને ગૌરવાન્વિત કરનારા લોકપ્રિય સાહિત્યકાર રમેશ ત્રિવેદીને બાલસાહિત્ય અકાદમીના રજતજયંતિ વર્ષના અધિવેશનમાં બાલસાહિત્યના ઉત્કૃટ સાહિત્ય સર્જન માટે ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન રાજકોટના ગુલાબભાઈ જાનીએ અધિવેશનના અધ્યક્ષસ્થાનેથી સાહિત્યકાર રમેશ ત્રિવેદીને ચંદ્રક અર્પણ કરી સન્માનીત કર્યા ત્યારે ઉપસ્થિત સાહિત્યકારોએ તેમનું ગૌરવપદ અભિવાદન કર્યુ હતુ. બાલસાહિત્ય અકાદમીના પ્રમુખ યશવંત મહેતા (વરિષ્ઠ પત્રકાર), નટવર પટેલ, હુંદરાજ બલવાની અને છગનભાઈ ભૈયાજીએ આ પ્રસંગે સાહિત્યકાર રમેશ ત્રિવેદીની સેવાઓને બિરદાવી હતી.



### અરવલ્લીના કોલવડા ખાતે સત્સંગ મેળાવડો યોજાયો

ધનસુરા તાલુકાના કોલવડા ગામે સત્સંગ મેળાવડાનું આયોજન કોલવડા મહિલા ભજન મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હિંમતનગર કાંકણોલથી પધારેલ પરમ વંદનીય સંત નરસિંહદાદાના સાનિધ્યમાં પીલુંદ્રાના ગોપાલદાસ બાપુ તથા શીવુદાદા(ખેડ) આમ ત્રણ સંતોનો સત્સંગ મેળાવડો કોલવડા ખાતે યોજાયો હતો. જેમાં આસપાસના શીકા, ભેંસાવાડા, રમોસ, ઈટાડી, પુંસરી સહિત ૧૫થી વધુ ગામોના લોકો મેળાવડામાં સંતવાણીનો લાભ લેવા ઉમટ્યા હતા. વાજતે ગાજતે ગામમાં સંતોની શોભાયાત્રા નિકળી હતી. ત્યારબાદ સંતો દ્વારા સંતવાણી દ્વારા લોકોને બોધપાઠ શીખવ્યો હતો. પોતાના શરીરમાં રહેલા આત્માને ઓળખો એજ પરમાત્મા છે. આમ સંતો ગામમાં પધારતા ભક્તિમય માહોલ છવાયો હતો. મહિલા મંડળની શકરીબેન એમ. પટેલ સહિત સમસ્ત ભજન મંડળની બહેનો દ્વારા આ સત્સંગનું સુંદર આયોજન કરાયું હતું. સસ્તંગ બાદ મહાપ્રસાદીનો લાભ સૌ ભક્તજનોએ લીધો હતો.